PROVISIONAL KEY : Advt. No. : 105/201617 District Education Officer(AJN)
Preliminary Test on 12-03-2017
Subject Que: Concerned Subject (101 to 300)
Publish Date : 20-03-2017
Last Date to send Suggestion(s) : 27-03-2017
Note : Candidate must ensure the complaince to send all suggestion in the given format with reference to this paper with provisional answer key (Series-A) only. Any non compliance shall not be treated.

**101.** સર્વ શિક્ષા અભિયાનની સ્થાપના કેન્દ્ર સરકારે કયા ધ્યેયને સિદ્ધ કરવા માટે કરી હતી?
(A) સમગ્ર ભારતના બાળકો માટેનાં શિક્ષણમાં સમાનતા લાવવી.
(B) પ્રાથમિક શિક્ષણ દ્વારા બાળકોનું વ્યાપક સમાજીકરણ કરવું
(C) સૌ ભણે, સૌ આગળ વધે.
(D) પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ

**102.** RTE અધિનિયમ પરની 2012 ની જાહેરાત હેઠળ શાની શાની મનાઈ ફરમાવવામાં આવી છે?
(i) વિદ્યાર્થીઓને માનસિક હેરાનગતિ કરવાની
(ii) પ્રવેશ માટે કસોટી લેવાની
(iii) માન્યતા વગર શાળા ચલાવવાની
(iv) છ વર્ષથી ઓછી ઉંમરના બાળકને પ્રવેશ આપવાની
(A) i અને ii
(B) ii અને iii
(C) i, ii અને iv
(D) i, ii અને iii

**103.** સહાયક અનુદાન નિયમ સંગ્રહની જોગવાઈ અનુસાર માધ્યમિક શાળામાં કેટલા વર્ગ હોય તો સુપરવાઈઝર મળી શકે?
(A) 8 કરતા વધુ
(B) 10 કરતા વધુ
(C) 5 કરતા વધુ
(D) 12 કરતા વધુ

**104.** માન્ય ખાનગી પ્રાથમિક શાળાના સંચાલક અને શિક્ષક વચ્ચે નોકરીની શરતો સંબંધે કોઈ તકરાર હોય તો સંચાલક અથવા શિક્ષકે કયાં અરજી કરવાની હોય છે.
(A) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(B) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ
(C) જિલ્લા શિક્ષણાધિકારી
(D) કલમ 40-છ હેઠળ રચાયેલ ટ્રિબ્યુનલમાં

**105.** સરકારી કર્મચારી કેટલા વર્ષની પેન્શન પાત્ર સેવા પૂરી કરે ત્યારે પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામક સાથે પરામર્શ કરી પ્રર્વતમાન નિયમો હેઠળ સેવાની ખરાઈ કરી પેન્શનપાત્ર સેવાની સરકારી કર્મચારીને જાણ કરવાની હોય છે?
(A) 10
(B) 15
(C) 20
(D) 25

106. નીચેનામાંથી કયું વિધાન કોઠારી કમિશને કરેલું નથી?
(A) ભારતીય શિક્ષણને લોકોના જીવન, આકાંક્ષા અને જરૂરિયાતો સાથે જોડવાની તાતી જરૂર છે.
(B) ભારતનું ભાવિ એના વર્ગખંડોમાં ઘડાય છે.
(C) કોઈપણ દેશના લોકોનું સ્તર એ દેશના શિક્ષકો કરતાં ઊંચું ન હોય.
(D) શિક્ષણ દ્વારા જ લોકોની સુરક્ષા, આબાદી અને કલ્યાણનું સ્તર નિશ્ચિત થાય છે.

107. ભારતના નવ જેટલાં મહાનગરોનાં ખાસ પ્રકારનાં બાળકોના શિક્ષણ માટે 45 જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓએ સંયુક્ત રીતે કયો પ્રોજેક્ટ હાથ ધરેલો?
(A) ઘરેથી ભાગી નીકળેલાં બાળકોનો અભ્યાસ
(B) શેરીમાં રઝળતાં અને કામ કરતા બાળકોની પરિસ્થિતિનું વિશ્લેષણ
(C) ભીખ માગતાં બાળકોની શૈક્ષણિક જરૂરિયાતોની તપાસ
(D) શાળાઓમાં ભણતાં અપંગ બાળકોની સમસ્યાઓ

108. નોંધાયેલી માધ્યમિક શાળાના સંચાલકે વર્ગ ઘટાડાની અરજી ક્યારે કરવાની હોય છે?
(A) શૈક્ષણિક વર્ષ શરુ થયાના 1 માસ સુધીમાં
(B) શૈક્ષણિક વર્ષ શરુ થતા ત્રણ માસ અગાઉ
(C) શૈક્ષણિક વર્ષ શરુ થયાના 6 માસ સુધીમાં પરંતુ પ્રથમ સત્ર પુરુ થાય તે અગાઉ
(D) શૈક્ષણિક વર્ષ દરમ્યાન ગમે ત્યારે

109. જૂથમાં કયુ બંધબેસતુ નથી? ઓપરેશન બ્લેકબોર્ડ, DPEP, RMSA, SSA
(A) RMSA
(B) ઓપરેશન બ્લેકબોર્ડ
(C) DPEP
(D) SSA

110. રાષ્ટ્રીય પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમના અમલીકરણ માટેનું ગુજરાતનું સ્ટેટ રિસોર્સ સેન્ટર ક્યાં આવેલું છે?
(A) ગુજરાત યુનિવર્સિટીમાં
(B) ગુજરાત વિદ્યાપીઠ ખાતે
(C) સર્વ શિક્ષા અભિયાન કચેરી-ગાંધીનગર ખાતે
(D) લોકભારતી ગ્રામવિદ્યાપીઠ-સણોસરા મુકામે

111. • પંડ્યા સાહેબ ચાર વર્ષ સુધી જિલ્લા ન્યાયાધીશ રહી ચૂક્યા છે,
• મહેતા સાહેબ બે વર્ષ સુધી ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના સચિવ પદે રહ્યા છે.
• ભટ્ટ સાહેબ છેલ્લા 10 વર્ષથી વકીલાત કરે છે.
• અનીતા મેડમ ચાર વર્ષથી રાજ્ય સરકારના નાણાં વિભાગમાં સચિવ પદે રહ્યા છે.
ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલના સભ્ય પદે નિમણૂંક પામવાની પાત્રતા ઉપરોક્ત પૈકી કોણ ધરાવે છે?
(A) પંડ્યા સાહેબ અને ભટ્ટ સાહેબ
(B) માત્ર પંડ્યા સાહેબ
(C) પંડ્યા સાહેબ અને અનીતા મેડમ
(D) પંડ્યા સાહેબ, મહેતા સાહેબ અને અનીતા મેડમ

**112.** પેન્શનના રોકડમાં રૂપાંતર અંગે નીચેના વિધાનો પૈકી કયા વિધાનો સાચા છે?
P - કર્મચારી 40% રકમનું રોકડમાં રૂપાંતર કરાવી શકે છે.
Q - કર્મચારી 40% કરતા ઓછી રકમનુ પણ રોકડમાં રૂપાંતર કરાવી શકે છે.
R - કર્મચારી વિરુધ્ધ ખાતાકીય તપાસ કે અદાલતી કાર્યવાહી શરૂ થઈ હોય તો પેન્શનનું રોકડમાં રૂપાંતર કરાવી શકાતું નથી.
S - રોકડમાં રૂપાંતર કરતી વખતે એક રૂપિયા કરતા ઓછા અપૂર્ણાંકનો હિસ્સો જતો કરવાનો રહે છે.
(A) P અને Q
(B) P અને R
(C) P, Q અને R
(D) P, Q, R અને S

**113.** સાક્ષરતાનું વ્યક્તિના જીવનમાં શું પ્રદાન હોઈ શકે?
(A) વ્યક્તિગત ચારિત્ર્યનો વિકાસ શક્ય બને છે.
(B) વ્યક્તિના જીવનમાં સમૃધ્ધિ અને શાંતિ આવે છે.
(C) સાક્ષરતા દ્વારા વ્યક્તિ પોતાના જીવન વિશે બૌધ્ધિક વિચારણા કરીને બહેતર જીવનયાપન કરે છે.
(D) તેના દ્વારા વ્યક્તિની ઉત્પાદનશીલતા અને સામાજિક સહભાગિતાનું સંવર્ધન થાય છે.

**114.** પોતાના કાર્યો બજાવવા માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ માટે કઈ સમિતિની રચના કરવાનું ફરજિયાત નથી (એક્ટની જોગવાઈ અનુસાર)
(A) કારોબારી સમિતિ
(B) નાણાંસમિતિ
(C) શિક્ષણ સમિતિ
(D) પરીક્ષાસમિતિ

**115.** નેશનલ કમિટિ ઓન વિમેન્સ એજ્યુકેશન-ના અધ્યક્ષ કોણ હતા?
(A) મધુરીબેન શાહ
(B) આર્માઈટી દેસાઈ
(C) ગિરિજા માથુર
(D) દુર્ગાબાઈ દેશમુખ

**116.** 490 વિદ્યાર્થીઓ ધરાવતી એક માધ્યમિક શાળામાં ધોરણ-9 ના 4 અને ધોરણ-10 ના 4 વર્ગ છે. આ શાળામાં કેટલા પટાવાળા અને કેટલા શિક્ષકો મળી શકે?
(A) પટાવાળા 4 શિક્ષકો 12
(B) પટાવાળા 3 શિક્ષકો 16
(C) પટાવાળા 3 શિક્ષકો 12
(D) પટાવાળા 4 શિક્ષકો 20

**117.** ગુજરાત એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશન્સ સર્વિસીસ ટ્રિબ્યુનલ એક્ટ-2006 માં પ્રથમવાર સુધારો કયા એક્ટ નંબર અને કઈ તારીખથી થયો હતો.
(A) એક્ટ નંબર 21 ઓફ 2012, 28-11-2012
(B) એક્ટ નંબર 22 of 2014, 28-11-2014
(C) એક્ટ નંબર 22 of 2013, 28-11-2013
(D) એક્ટ નંબર 18 of 2007 1-10-2007

118. e – પાઠશાળા અંતર્ગત ક્યું કાર્ય કરવામાં આવે છે?
(A) પ્રાથમિક શાળાઓ માટે ઓન-લાઈન વર્ગોનું સંચાલન
(B) માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે સંદર્ભ સાહિત્ય પૂરું પાડવા માટે
(C) ભારતભરના NGO માં કામ કરતાં શિક્ષકોના પ્રશિક્ષણ માટે
(D) યુનિવર્સિટી કક્ષા માટે e-context વિકસાવવા માટે

119. પ્રાથમિક કક્ષાએ ભાષાના શિક્ષણમાં ધ્વનિના પુનરૂત્પાદનને (Sound reproduction) શીખવવા માટે ......... ક્ષેત્રના હેતુઓને જ લક્ષ્યમાં લેવા જોઈએ.
(A) જ્ઞાનાત્મક
(B) ભાવાત્મક
(C) મનોશારીરિક
(D) ઉપરમાંથી કોઈપણ નહિ.

120. યુનેસ્કોના મતે સાક્ષર વ્યક્તિ કોને કહેવાય?
(A) જેને વર્તમાનપત્ર વાંચતા આવડે
(B) સાદાં વાક્યોનું વાંચન લેખન સમજપૂર્વક કરી શકે તેને
(C) જેણે ઓછામાં ઓછા ત્રણ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હોય તેને
(D) જેને પોતાની સહી કરતાં આવડે તેને

121. 2011 ની વસ્તી ગણતરીના આંકડા મુજબ ભારતનો સાક્ષરતાનો દર કેટલો છે?
(A) 80.88%
(B) 72.98%
(C) 64.63%
(D) 78.03%

122. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષના મુસાફરી ભથ્થાના બિલ મંજૂર કરવાની સત્તા, બોર્ડના વિનિયમો અનુસાર કોણ ધરાવે છે.
(A) બોર્ડના સચિવ
(B) બોર્ડના કંટ્રોલર ઓફ એકાઉન્ટસ એન્ડ સ્ટોર
(C) અધ્યક્ષ પોતે
(D) રાજ્ય સરકાર

123. ઈ.સ. 2015 સુધીમાં જાતિ-સમાનતા (gender equality) અને સ્ત્રી-સશક્તીકરણ સિદ્ધ કરી દેવાનું લક્ષ્ય કોણે નક્કી કર્યું હતું?
(A) સંયુક્ત રાષ્ટ્રસંઘના સહસ્રાબ્દિ (millenium) વિકાસ ઘોષણાપત્ર
(B) વૈશ્વિક નારીવાદી સંગઠન-જીનિવા
(C) સ્મૃતિ ઈરાની
(D) ડૉ. મધુરીબેન શાહ સમિતિ

124. જે સરકારી કર્મચારીની નિવૃત્તી પહેલા ખાતાકીય તપાસ પડતર હોય અને તેને આરોપનામું આપવામાં આવેલ હોય અથવા ન્યાયિક કાર્યવાહી આરંભાયેલ હોય ત્યારે મળવા પાત્ર ગ્રેજ્યુઈટીની રકમ પૈકી .......... ટકા રકમ અથવા રૂા ........... એ બે માંથી જે ઓછું હોય તેટલી રકમ અટકાવવામાં આવે છે.

(A) દસ, પચાસહજાર
(B) દસ, એકલાખ
(C) પંદર, પચાસહજાર
(D) પંદર, પંદરહજાર

125. ગુજરાતમાં આદર્શનિવાસી શાળાઓ સરકારના કયા વહીવટી વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે?

(A) શિક્ષણ વિભાગ
(B) આદિજાતિ વિકાસ વિભાગ
(C) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
(D) મહિલા અને બાળકલ્યાણ વિભાગ

126. સરકારને થયેલ આર્થિક નુકસાન પેન્શનમાંથી વસૂલ કરવા આદેશ થયેલ હોય ત્યારે સરકારી કર્મચારીને નિવૃત્તીની તારીખે મળવાપાત્ર પેન્શનના ....... કરતા વધુ દરેથી સામાન્ય રીતે વસૂલાત કરી શકાય નહીં.

(A) 1/3
(B) 1/2
(C) 1/4
(D) 1/5

127. NPE-1986 ને 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ' શા માટે કહેવામાં આવે છે?

(A) દેશ માટેના માનવ સંસાધન વિકાસના આયોજનની પહેલ થઈ
(B) સમગ્ર દેશ માટે શિક્ષણનું એક સમાન માળખું અને અભ્યાસક્રમ રચવાની ભલામણ થઈ હતી.
(C) પહેલી વખત ભારતના વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ સમગ્ર વ્યવસ્થાની સર્વગ્રાહી વિચારણા થઈ.
(D) રાષ્ટ્રપ્રેમ અને પ્રાચીન ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોની કેળવણીને અગ્રતા આપવામાં આવી.

128. કોઈ નવી માધ્યમિક શાળાની મંજૂરી આપવાના કારણે 5 કી.મી. થી ઓછા અંતરે આવેલ બીજી કોઈ શાળાની હાજરીમાં કેટલા ટકા ખોટ સહેવી પડે તેમ હોય તો અયોગ્ય હરિફાઈ ગણાય?

(A) 30
(B) 10
(C) 20
(D) 25

129. કયું વિધાન શિક્ષણ-પ્રક્રિયામાં ICT નું પ્રદાન દર્શાવતું નથી?

(A) શીખનારની યાદશક્તિમાં વધારો થાય છે.
(B) ગમે તે સ્થળેથી શીખી શકાય છે.
(C) જૂથના સભ્યોની પારસ્પરિક સહભાગિતા સર્જાય છે.
(D) અધ્યેતાના અભિપ્રેરણમાં વૃદ્ધિ થાય છે.

130. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ નિર્ણયને રાજ્યસરકાર મોકૂફ રાખી શકે તેવી જોગવાઈ ગુ. મા અને ઉ. મા. શિક્ષણ અધિનિયમ 1972ની કઈ કલમમાં છે?
(A) 40-ક
(B) 43 (2)
(C) 48 (6)
(D) 47

131. શિક્ષણ અધિકારનો અધિનિયમ બનાવવા માટે બંધારણની કઈ કલમમાં સુધારો કરવામાં આવ્યો ? તે કેટલામો સુધારો હતો?
(A) કલમ 29 A, 46 મો સુધારો
(B) કલમ 45 A, 56 મો સુધારો
(C) કલમ 305, 76 મો સુધારો
(D) કલમ 21 A, 86 મો સુધારો

132. શૈક્ષણિક સંસ્થાના સેવાની શરતો સાથે સંકળાયેલ કોઈ નિર્ણયથી નારાજ થયેલ કર્મચારીએ એવા હુકમ અથવા નિર્ણયની તારીખથી કેટલા દિવસમાં ટ્રિબ્યુનલને અરજી કરવાની હોય છે?
(A) 90 દિવસ
(B) 45 દિવસ
(C) 30 દિવસ
(D) 75 દિવસ

133. ભારતમાં દૂરવર્તી શિક્ષણમાં ICT નો ઉપયોગ કયા અધ્યાપન-શાસ્ત્ર (Pedagogy) ને અનુસરે છે?
(A) પ્રૌઢ અધ્યાપન શાસ્ત્ર
(B) સામાન્ય અધ્યાપન શાસ્ત્ર
(C) બહુ માધ્યમલક્ષી અધ્યાપનશાસ્ત્ર
(D) સ્વ-નિર્દેશિત અધ્યાપન શાસ્ત્ર

134. જાહેર પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ન લઈ ગયા હોય તો વધુમાં વધુ કેટલા સમય સુધી કોઈપણ જાતની ફી લીધા સિવાય તેને પ્રમાણપત્ર કાઢી આપવાનું હોય છે?
(A) પરિણામની તારીખથી 2 વર્ષ
(B) પરિણામની તારીખથી 3 માસ
(C) પરિણામની તારીખથી 6 માસ
(D) પરિણામની તારીખથી 4 માસ

135. ખાનગી પ્રાથમિક શાળાની માન્યતા મેળવવા માટેની જોગવાઈ બોમ્બે પ્રાથમિક શિક્ષણ નિયમો 1949ના કયા નિયમ હેઠળ કરાયેલ છે?
(A) 105
(B) 105 (A)
(C) 106 (A)
(D) 103

136. બૌદ્ધકાલીન શિક્ષણ વ્યવસ્થામાં શિક્ષણનાં કેન્દ્રોને કયા નામે ઓળખવામાં આવતાં હતાં?
(A) અગ્રહાર
(B) યોગમંદિર
(C) ભિખ્ખુ વિદ્યાગૃહ
(D) મઠ

137. બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર કાયદા 2009માં વર્ષ 2012માં થયેલ સુધારા અન્વયે કઈ સંસ્થાઓ અપવાદમાં આવે છે?

(i) સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓ

(ii) વૈદિક પાઠશાળાઓ

(iii) ભાષાકીય લઘુમતી શાળાઓ

(iv) મદ્રેસાઓ

(A) ii, iii અને iv
(B) માત્ર ii
(C) ii અને iv
(D) i, ii, iii અને iv

138. સાક્ષરતા અને નિરંતર શિક્ષણના કાર્યક્રમ હેઠળ લાભાર્થીઓને વ્યવસાયલક્ષી અને સ્કીલ ડેવલપમેન્ટ કાર્યક્રમોની તાલીમ જિલ્લા કક્ષાએ કોણ આપે છે?

(A) આઈ.ટી.આઈ
(B) જનશિક્ષણ સંસ્થાન
(C) જિલ્લા શિક્ષણ તાલીમ ભવન
(D) કૌશલ્યવર્ધક કેન્દ્ર

139. 1986ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં રમતગમત અને શારીરિક શિક્ષણ અંગે વિસ્તૃત વિચારણા કરાઈ છે. નીચે પૈકીની કઈ બાબતો આ નીતિમાં આવરી લેવાયેલ છે.

P:- રમતગમત માટે માળખાકીય સુવિધાઓનો દરેક તબક્કે વિકાસ કરવો.

Q:- સમાજના વધુને વધુ લોકો ભાગ લઈ શકે તેવી ખેલકૂદ સ્પર્ધાઓનું આયોજન કરવું.

R:- શાળાઓ, સંસ્થાઓ અને હોસ્ટેલો મારફતે રમતગમતનું પ્રશિક્ષણ આપવુ

S:- પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રોત્સાહન આપવું.

(A) માત્ર P અને Q
(B) માત્ર P અને S
(C) P, R અને S
(D) P, Q, R અને S તમામ

140. નીચેના પૈકી કયો અધ્યયન પ્રકાર ગેને દ્વારા અપાયેલો નથી?

(A) મોડ્યૂલ અધ્યયન
(B) સંકેત અધ્યયન
(C) સંકલ્પના અધ્યયન
(D) સિદ્ધાંત અધ્યયન

141. ઈશ્વરભાઈ પટેલ સમિતિની રચના ક્યા હેતુ માટે થયેલ હતી?

(A) ગુજરાત રાજ્યના ગ્રાન્ટ ઈન એઈડ કોડ માટે અનુદાનના ધોરણો નક્કી કરવા.

(B) માધ્યમિક શિક્ષકોની નોકરીની શરતો નક્કી કરવા.

(C) NCERT દ્વારા તૈયાર કરાયેલ અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોની સમીક્ષા કરવા.

(D) વ્યવસાયિક શિક્ષણ માટે યોગ્ય માળખુ સૂચવવા.

142. નીચેનામાંથી કયું વિધાન વિકાસાત્મક (formative) મૂલ્યાંકન સૂચવે છે?

(A) શાળાના આચાર્ય દ્વારા કરવામાં આવે.

(B) વર્ગમાં વિદ્યાર્થીનું સ્થાન નક્કી કરવા માટે જરૂરી છે.

(C) વિદ્યાર્થીઓ અધ્યયનની કઈ સમસ્યાઓ અનુભવે છે તે શોધવાનો ઉદ્દેશ છે.

(D) મૌખિક રીતોનો પણ ઉપયોગ કરવામાં આવે.

**143.** પેન્શનરના અવસાનથી ચડેલ ખરેખર પેન્શનની કોઈપણ પ્રકારની રકમની ચૂકવણી જો તેના વારસદાર એક વર્ષ પછી અરજી કરે તો કોની મંજૂરીથી આવી ચૂકવણી થઈ શકે?

(A) સંબંધિત તિજોરી અધિકારી
(B) સંબંધિત વહીવટી વિભાગ
(C) નાણાં વિભાગ
(D) નિયામક પેન્શન અને પ્રોવીડન્ડ ફંડ

**144.** સરકારી કર્મચારીને અભ્યાસ રજા મંજૂર કરવા માટે સરકાર હેઠળ ઓછામાં ઓછી કેટલા વર્ષની નોકરી કરેલ હોવી જોઈએ?

(A) પાંચ વર્ષ
(B) ત્રણ વર્ષ
(C) બે વર્ષ
(D) દસ વર્ષ

**145.** સંમિશ્રિત અધ્યયન (Blended Learning) માં કઈ બે બાબતોનો સમન્વય થાય છે?

(A) ઔપચારિક અને અનૌપચારિક અધ્યયન
(B) વીજાણુ અધ્યયન અને પ્રત્યક્ષ અધ્યયન
(C) વૈશ્વિક વિષયવસ્તુ અને સ્થાનિક વિષયવસ્તુ
(D) વ્યક્તિગત અધ્યયન અને જૂથ અધ્યયન

**146.** ગેરવહીવટના કારણોસર વધુમાં વધુ કેટલી મુદત માટે રાજ્ય સરકાર રજિસ્ટર થયેલ ખાનગી શાળાનો વહીવટ પોતાના હસ્તક લઈ શકે છે?

(A) સરકાર ઈચ્છે ત્યાં સુધી
(B) એક વર્ષ
(C) પાંચ વર્ષ
(D) ત્રણ વર્ષ

**147.** અનેક સ્થળો પરથી જોડાતાં અધ્યેતાઓને અસરકારક અધ્યયન કરાવવા માટે ઓનલાઈન ટીચરમાં ક્યા કૌશલો જરૂરી છે?

(i) એડવાન્સ ઓર્ગેનાઈઝર મોડેલ રજૂ કરવાં
(ii) અધ્યેતાના પ્રતિપોષણનું વિશ્લેષણ કરવું
(iii) સહભાગી અધ્યયન વાતાવરણ ઊભું કરવા પોતે પણ વિદ્યાર્થીઓની ચર્ચામાં સહભાગી બનવું.
(iv) અધ્યેતાઓમાં એક સમાન અધ્યયન નીપજો જન્માવવા સતત પ્રયાસ કરવા.

(A) i, ii, iii
(B) ii, iii, iv
(C) i, iii, iv
(D) i, ii, iv

**148.** 2010માં ગુજરાત વિધાનસભાએ ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) વિધેયક દ્વારા કયા કયા સુધારા કરેલ છે.

(i) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1947ની કલમ 2 અને 23 માં મહત્વના સુધારા
(ii) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972 ની કલમ 2, 17 અને 35 માં સુધારા
(iii) બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ હેઠળ નિયમોની રચના
(iv) ગુજરાત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ 1961 રદ કર્યો.

(A) i અને iii
(B) i, ii અને iv
(C) i, ii અને iii
(D) i, ii, iii અને iv

149. અનુદાનીત શાળામાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીના વાલીને શાળાના નિયમો પૂરા પાડ્યા બાદ વાલી તેની નકલપર સહી કરીને પરત ન આપે તો આચાર્યશ્રીએ શું કરવું જોઈએ?
(A) પ્રવેશ રદ કરવો જોઈએ
(B) લેખિત સૂચના આપી સહી કરેલ નકલ સોંપવા જણાવવું જોઈએ.
(C) વાલી શાળાના નિયમો કબૂલ રાખે છે તેમ માની લેવું જોઈએ.
(D) જિલ્લા શિક્ષણાધિકારીને રીપોર્ટ કરવો જોઈએ.

150. રાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણ નીતિના અમલીકરણ બાબતે સમીક્ષા કરવાનું તથા સુધારા સૂચવવાનું કામ કોણ કરે છે?
(A) CBSE
(B) NCERT
(C) CABE
(D) COBSE

151. વેકેશન ખાતામાં કામ કરતી વ્યક્તિઓને પ્રાપ્ત રજાના સંદર્ભમાં "વર્ષ" શબ્દનો અર્થ શો થાય?
(A) અંગ્રેજી વર્ષ
(B) ગુજરાતી વર્ષ
(C) વેકેશન સિવાયની ફરજનો ગાળો
(D) ખરેખર ફરજના બાર મહિના

152. શાળામાં બાળકના નામની પાછળ માતાનું નામ લખી શકાય તેવો વિકલ્પ ક્યારથી આવ્યો.
(A) 24-2-2005
(B) 13-6-2001
(C) 1-6-1997
(D) 15-7-2010

153. SOUL નામનો સોફ્ટવેર શાના માટે ઉપયોગમાં લેવાય છે?
(A) પ્રશિષ્ટ ભાષામાં અનુવાદ કરવા માટે
(B) સંસ્થાકીય વ્યવસ્થાપન માટે
(C) ગ્રંથાલય માટે
(D) પુરાતત્ત્વ સંશોધન માટે

154. જ્યારે શિક્ષક વર્ગખંડમાં કથન દરમ્યાન આરોહ-અવરોહ થકી વિદ્યાર્થીઓના ધ્યાનને ટકાવી રાખવાનો પ્રયત્ન કરે છે ત્યારે તે માઈક્રોટીચીંગમાં આત્મસાત્ કરેલ ......... કૌશલ્યનો ઉપયોગ કરી રહ્યો છે તેમ કહેવાય.
(A) પ્રશ્ન-પ્રવાહિતા
(B) ઉતેજના-પરિવર્તન
(C) વિષયાભિમુખ
(D) સુદૃઢીકરણ

155. નીચેનામાંથી કયું શિક્ષણ પ્રતિમાનનું મૂળ તત્ત્વ (Element) નથી?
(A) અવલોકન (observation)
(B) લક્ષ્ય (Focus)
(C) સંરચના (Syntax)
(D) સામાજિક પ્રણાલિ (Social System)

156. આર્ટિકલ 15 અનુસાર બંધારણમાં કરેલી ભલામણ "જાતિ (sex) ના આધારે નાગરિકો વચ્ચે ભેદભાવ નહીં રખાય પરંતુ બાળપણમાં છોકરા કરતાં છોકરીઓને વિશેષ મહત્ત્વ આપવામાં આવે." - નો હેતુ શો છે?
(A) સ્ત્રી-શિક્ષણને ઉત્તેજન આપવાનો
(B) માતાપિતા છોકરીઓને શાળામાંથી ઉઠાડી ન લે તે સૂચવવાનો
(C) માનવ સંસાધન વિકાસમાં સમાનતા લાવવાનો
(D) વસતિમાં છોકરા-છોકરીનું પ્રમાણ સરખું કરવા માટે

157. ગુજરાત સરકારના RTE નિયમો 2012 ના નિયમ 2 (છ) મુજબ જિલ્લા પંચાયતને સંબંધ છે ત્યાં સુધી સક્ષમ અધિકારીની વ્યાખ્યામાં કોનો સમાવેશ થાય છે?
(A) ચેરમેન જિલ્લા શિક્ષણ સમિતિ
(B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(C) જિલ્લા શિક્ષણાધિકારી
(D) જિલ્લા વિકાસ અધિકારી

158. ગ્રાન્ટ ઈન એઈડ કોડની જોગવાઈ અનુસાર વિદ્યાર્થીઓની દાકતરી તપાસ કરવાનું ધોરણ શું છે?
(A) દર વર્ષે એકવાર
(B) દર 2 વર્ષે એકવાર
(C) દર 6 માસે એકવાર
(D) દર 3 વર્ષે એકવાર

159. નવી વર્ધિત પેન્શન યોજના કોને લાગુ પડે છે?
(A) 1-4-2005 અને તે પછી સરકારી નોકરીમાં જોડાનાર બિન રાજ્યપત્રીત કર્મચારીઓને
(B) 1-4-2007 થી નોકરીમાં જોડાનાર તમામ સરકારી કર્મચારીઓને
(C) 1-4-2005 અને તે પછી સરકારી નોકરીમાં જોડાનાર તમામને
(D) 1-4-2009 પછીથી સરકારી નોકરીમાં જોડાનાર રાજ્યપત્રીત અધિકારીઓને

160. નવ-સાક્ષરો (Neo-literetes) ને હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ દુરવર્તી રીતે મળે તે માટે ભારત સરકારે કઈ સંસ્થાની સ્થાપના કરેલી છે?
(A) નેશનલ ઓપન સ્કૂલ
(B) ઈન્ડિયા લિટરસી ઓર્ગેનાઈઝેશન
(C) આંબેડકર મુક્ત વિદ્યાલય
(D) નેશનલ રિસોર્સ સેન્ટર

161. કઈ યોજના હેઠળ, અભ્યાસ કરતા બાળકોએ દફતર વગર જ શાળાએ આવવાનું હોય છે.
(A) મોડેલ રેસીડન્સી શાળાઓ
(B) કસ્તૂરબા યોજના હેઠળની શાળાઓ
(C) પ્રજ્ઞા યોજના
(D) RMSA હેઠળની શાળાઓ

162. એપ્રેન્ટીસને તેની એપ્રેન્ટીસશીપના કોઈપણ વર્ષની મુદત દરમ્યાન ....... દિવસથી વધુ નહીં તેટલી મુદતની તબીબી કારણોસર અર્ધ પગારી રજા મંજૂર કરી શકાય છે.
(A) 10
(B) 15
(C) 20
(D) 30

**163.** નીચેનામાંથી કયું નિરંતર શિક્ષણ સાથે સંબંધિત નથી?

(A) દૂરવર્તી શિક્ષણ
(B) પત્રાચાર અભ્યાસક્રમો
(C) અવૈધિક શિક્ષણ
(D) જવાહર નવોદય વિદ્યાલય યોજના

**164.** ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો 2002 અનુસાર તબીબી પ્રમાણપત્રને આધારે અથવા અન્યથા મંજૂર કરવામાં આવેલ ......... રજાનું નિયમ 59 ની જોગવાઈને આધિન પશ્ચાદવર્તી અસરથી બિન જમા રજામાં રૂપાંતર કરી શકાય છે?

(A) ખાસ અશક્તતાની રજા
(B) અભ્યાસ રજા
(C) અસાધારણ રજા
(D) ટી.બી અને કેન્સર માટેની રજા

**165.** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની એક બેઠક પુરી થઈ ગયા પછી ચાર માસ ન થયા હોય તો પણ કેટલાક સભ્યોની વિનંતીથી અધ્યક્ષે ખાસ બેઠક બોલાવવાની રહે. આવી વિનંતી ઓછામાં ઓછા કેટલા સભ્યો દ્વારા થવી જોઈએ?

(A) સભ્ય સંખ્યાના 1/2
(B) સભ્ય સંખ્યાના 3/4
(C) સભ્ય સંખ્યાના 1/3
(D) અધ્યક્ષને યોગ્ય લાગે તેટલા

**166.** ઈન્ડિયન એજ્યુકેશન કમિશન (1882) દ્વારા તૈયાર થયેલી દેશવ્યાપી શિક્ષણનીતિની મુખ્ય ભલામણો કઈ કઈ હતી?

(i) સ્થાનિક ખાનગી શાળાઓ ખોલવા માટે પ્રોત્સાહન આપવું.
(ii) પ્રાથમિક શિક્ષણને સૌથી વધુ મજબૂત બનાવવું.
(iii) મોડેલ હાઈસ્કૂલોની સ્થાપના કરવી.
(iv) મુસ્લિમ છોકરીઓ માટે ‘પરદાસ્કૂલ’ ખોલવી.

(A) i, ii, iii
(B) i, iii, iv
(C) ii, iii, iv
(D) i, ii, iv

**167.** મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 ની જોગવાઈ અનુસાર નીચે પૈકીની કઈ બાબત/બાબતો ખરી છે?

(i) ચેપી રોગથી પીડાતા બાળકને જુદો બેસાડવાની શરતે પ્રવેશ આપી શકાય.
(ii) 4 વર્ષ અને 10 માસની વયના બાળકને ધોરણ 1 માં પ્રવેશ આપી શકાય.
(iii) વહીવટી અધિકારીની મંજૂરી વગર શાળા શરુ થયાના 2 માસ બાદ વિદ્યાર્થીને પ્રવેશ આપી ન શકાય
(iv) ખૂબજ હોંશિયાર વિદ્યાર્થીને એક શૈક્ષણિક વર્ષમાં 2 ધોરણો પાસ કરવાની મંજૂરી આપી શકાય.

(A) i અને iii
(B) માત્ર iii
(C) iii અને iv
(D) i, ii, iii અને iv

168. 1992માં સુધારેલી NPE માં 'વસ્તી શિક્ષણ' ને "રાષ્ટ્રની પ્રયુક્તિ" તરીકે શા માટે ગણાવ્યું છે?
(A) વસ્તી-શિક્ષણ આપવા માટે અનેકવિધ પ્રયુક્તિઓ અપનાવવી જરૂરી છે.
(B) વસ્તીની સમસ્યા અને કુટુંબ-નિયોજનની જરૂરિયાત દેશના લોકો સુધી પહોંચાડવાનો અસરકારક માર્ગ ઔપચારિક શિક્ષણ છે.
(C) શિક્ષણને દેશના વિકાસના સાધન તરીકે માનવામાં આવે છે.
(D) રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું કામ વિશિષ્ટ પ્રયુક્તિઓ દ્વારા રાજ્યકર્તાની વિચારણાનો પ્રસાર કરવાનું છે.

169. બોમ્બે પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 ના નિયમ 48 (2) માં ચેરમેન, જિલ્લા સ્કુલ બોર્ડની ભલામણથી કઈ બાબતોમાં સુધારો કરી શકાય છે?
(A) વિદ્યાર્થીની જન્મતારીખ, નામ અને જાતિ
(B) વિદ્યાર્થીની અટક, પેટાજાતિ અને પિતાનું નામ
(C) ઘરનું સરનામું, ધર્મ અને સ્થાનાન્તરની માહિતી
(D) કોઈ સુધારો કરી શકાતો નથી.

170. છાત્રાલયોની તપાસણી દરમ્યાન નીચે પૈકીની કઈ બાબતો ધ્યાનમાં આવે તો નિભાવ ગ્રાન્ટ અસ્વીકાર્ય કરી શકાશે.
(i) કુલ સંખ્યાના 10% કરતા ઓછા વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહેતા હોય.
(ii) માંસાહારી ભોજનની અલાયદી વ્યવસ્થા કરાઈ હોય.
(iii) ગૃહપતિ છાત્રાલયમાં રહેતા ન હોય.
(A) માત્ર i
(B) i અને iii
(C) ii અને iii
(D) i, ii અને iii તમામ

171. મેકોલેએ પોતાની 'મિનિટ્સ' માં ભારતમાં શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી ભાષાને શા માટે પસંદ કરી?
(A) આધુનિક જ્ઞાન અંગ્રેજી ભાષામાં જ મળી શકે.
(B) અંગ્રેજીને વિશ્વની મહાન ભાષા બનાવવા માટે.
(C) સંસ્કૃત કે ઉર્દૂના વિદ્વાનો અંગ્રેજી વિદ્વાનોથી ચડિયાતા ન બની જાય માટે.
(D) એ સમયના ગવર્નર જનરલ વિલિયમ બેન્ટિકના આગ્રહને વશ થઈને.

172. નિવૃત્તિના કેટલા સમય અગાઉથી GPF માં નાણાં જમા કરાવવાનું બંધ કરવાનું હોય છે.
(A) ચાર માસ
(B) ત્રણ માત્ર
(C) છ માસ
(D) તરત અગાઉના નાણાંકીય વર્ષના અંતે

173. 21 મી સદીના પડકારોને પહોંચી વળવા માટે ડેલોર્સ રિપોર્ટ Learning: The Treasure within માં શિક્ષણના કયા બે સ્તંભનો ઉલ્લેખ કર્યો છે?

(i) ટકાઉ વિકાસ પ્રાપ્ત કરતાં શીખવું

(ii) શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ સિદ્ધ કરતાં શીખવું.

(iii) શીખતાં શીખવું

(iv) સહજીવન શીખવું

(A) i, ii
(B) i, iii
(C) iii, iv
(D) ii, iii

174. નિરંતર શિક્ષણ કાર્યક્રમમાં કયા પૂર્વ કાર્યક્રમોના નવસાક્ષરોનો સમાવેશ કરવામાં આવેલ?

(A) અવૈધિક શિક્ષણ કાર્યક્રમ

(B) સંપૂર્ણ સાક્ષરતા અભિયાન અને અનુસાક્ષરતા અભિયાન

(C) સામૂહિક ક્રિયાત્મક સાક્ષરતા અભિયાન

(D) રાષ્ટ્રીય પ્રૌઢશિક્ષણ કાર્યક્રમ

175. શ્રી મનુભાઈ પંચોલી સમિતિની નિમણૂંક કયા હેતુ માટે થઈ હતી?

(A) આદિજાતિ બહુલ, અંતરિયાળ વિસ્તારમાં પ્રાથમિક શાળાઓની ઉપલબ્ધિ

(B) પ્રાથમિક અભ્યાસક્રમમાં ભાષા-શિક્ષણ અંગે

(C) ખાનગી પ્રાથમિક શાળાઓને સહાયક અનુદાન અંગે

(D) ખાનગી પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા અંગે

176. આચાર્ય રામમૂર્તિ સમિતિએ પરીક્ષાઓ દ્વારા વિદ્યાર્થીઓ ક્રેડિટ એકત્ર કરી શકે તેવી ભલામણ કરી. આ ભલામણ પાછળ કયો વિચાર રહેલો છે?

(A) હોંશિયાર અને નબળા વિદ્યાર્થીઓને જુદા પાડી શકાય

(B) સેમેસ્ટર પ્રથા સફળ બનાવી શકાય.

(C) હોંશિયાર વિદ્યાર્થી વધુ ટકાવારી મેળવી શકે.

(D) વિદ્યાર્થીઓ પોતાની ગતિ-શક્તિ અનુસાર અભ્યાસ કરી શકે.

177. રાજ્ય પરીક્ષા બોર્ડની કામગીરી સાથે નીચે પૈકીનું કયુ સુસંગત નથી.

(A) સૈનિક શાળાઓમાં પ્રવેશ માટેની કસોટીઓ

(B) પ્રાથમિક શિક્ષકો માટેની TET

(C) સંસ્કૃત પાઠશાળાઓ માટેની પ્રથમા પરીક્ષા

(D) ચિત્રકામની એલીમેન્ટરી અને ઈન્ટર મીડીયેટ પરીક્ષા

178. માધ્યમિક શાળામાં ફરજ બજાવતા અને 1-8-56ની જન્મતારીખ ધરાવતા પટાવાળાની વય નિવૃત્તીની તારીખ કઈ ગણાશે.

(A) 31-10-2014
(B) 31-08-2016
(C) 31-10-2016
(D) 31-08-2014

**179.** અનુદાન નિયમ સંગ્રહની સૂચનાઓ અનુસાર શાળાનો રેકોર્ડ કોના કબજામાં રાખવાનું હોય છે?

(A) સંચાલક મંડળ
(B) આચાર્ય
(C) ઓફિસ સુપ્રિન્ટેડેન્ટ
(D) સિનિયર શિક્ષક

**180.** સમાજ ઉપયોગી ઉત્પાદક શ્રમકાર્યની ભલામણ નીચેના પૈકી કોના દ્વારા કરવામાં આવી હતી?

(A) રામમૂર્તિ સમિતિ
(B) સેડલર કમિશન
(C) વર્ધા સમિતિ
(D) માધ્યમિક શિક્ષણ પંચ

**181.** ધોરણ-10 સુધીના અભ્યાસક્રમના માળખાને એક સમાન રાખવાની જોગવાઇ કઈ શિક્ષણનીતિમાં સ્વીકારવામાં આવી?

(A) રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2005
(B) રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1968
(C) રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986
(D) ઉપરનામાંથી કોઈપણ નહિ.

**182.** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તેના પ્રશ્નપત્રો ગુજરાતી ઉપરાંત કઈ ભાષા/ભાષાઓમાં તૈયાર કરે છે?

(A) હિંદી, અંગ્રેજી, સિંધી, તમીલ
(B) તમીલ, તેલુગુ, ઉર્દુ, ઉડીયા
(C) મરાઠી, સિંધી, હિંદી, અંગ્રેજી
(D) હિન્દી અને અંગ્રેજી

**183.** ભારતના બંધારણમાં પ્રારંભિક સમયે પ્રાથમિક શિક્ષણને શાની અંતર્ગત મુકેલું?

(A) રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
(B) બાળકલ્યાણ વિભાગ
(C) મૂળભૂત હક્કોની યાદી
(D) કેન્દ્રિય કારોબારી

**184.** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની શૈક્ષણિક સમિતિમાં બોર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષે તૈયાર કરેલ સૂચિમાંથી શિક્ષણક્ષેત્રે જાણીતા કેટલા બિન-સભ્યોની નિમણૂંક કરી શકાય?

(A) 5
(B) 3
(C) 4
(D) 7

**185.** ખાતાના વડાઓ સિવાયના તમામ વર્ગ-1 અને વર્ગ-2ના અધિકારીઓના સંદર્ભમાં કામચલાઉ કુટુંબ પેન્શન અને ગ્રેજ્યુઇટી મંજૂર કરવાની સત્તા કોની છે?

(A) કચેરીના વડા
(B) ખાતાના વડા
(C) સચિવાલયના વહીવટી વિભાગ
(D) નિયામક પેન્શન એન્ડ પ્રોવીડન્ટ ફંડ

**186.** ભારતીય શિક્ષણદર્શનના મનીષી મહર્ષિ અરવિંદના મતે ભારતીય શિક્ષણના ધ્યેયો કયા છે?

(i) પૂર્ણતા

(ii) સંવાદિતા

(iii) કર્તવ્યનિષ્ઠા

(iv) ઉત્ક્રાંતિ

(A) i, ii, iii (B) ii, iii, iv

(C) i, iii, iv (D) i, ii, iv

**187.** નીચેના વિધાનો વાંચી કયા વિધાનો સંપૂર્ણપણે સાચા છે તે જણાવો.

P:- સક્ષમ તબીબી અધિકારીએ વધુ નોકરી માટે સંપૂર્ણતઃ અને કાયમી રીતે અશક્ત જાહેર કરાયો હોય તેવા કર્મચારીને તબીબી અહેવાલ મળતા તુરત જ ફરજપરથી છુટો કરવો જોઈએ.

Q:- આવો કોઈ કર્મચારી રજા પર હોય તો રજા પરથી પરત બોલાવી, હાજર થાય તેના બીજા દિવસથી અશક્ત ઠરાવી છૂટો કરવો જોઈએ.

R:- આવો કોઈ કર્મચારી જો રજાપર હોય તો રજા પૂરી થયે તે કર્મચારીને નોકરી માટે અશક્ત ઠરાવવો જોઈએ.

(A) P, Q અને R ત્રણેય (B) P અને Q

(C) માત્ર વિધાન P (D) P અને R

**188.** 1974ના વિનિયમોની જોગવાઇ અનુસાર 300 વિદ્યાર્થી ધરાવતી માધ્યમિક શાળાને કેટલા કલાર્ક અને પટાવાળા મળી શકે?

(A) એક જુનિયર કલાર્ક, એક સીનીયર કલાર્ક અને ત્રણ પટાવાળા

(B) એક જુનિયર કલાર્ક અને બે પટાવાળા

(C) એક જુનિયર કલાર્ક, એક હેડકલાર્ક અને બે પટાવાળા

(D) એક હેડ કલાર્ક, એક સીનીયર કલાર્ક અને બે પટાવાળા

**189.** નીચેનામાંથી કયું વિધાન ખરું છે?

(A) ઈ-લર્નિંગ એ ડિજિટલ લર્નિંગથી ભિન્ન છે.

(B) દૂરવર્તી શિક્ષણ એ ICT સંચાલિત અધ્યયનનો પેટા વિભાગ છે.

(C) હવે બધા પ્રકારનું શિક્ષણ ICT માં સમાવિષ્ટ છે.

(D) મોબાઈલ લર્નિંગ એ ઈ-લર્નિંગનો હિસ્સો છે.

**190.** ગુજરાત માધ્યમિક અને ઉ. મા. શિક્ષણબોર્ડ દ્વારા સંચાલિત પરીક્ષા સંબંધી ગોપનીયતાના ભંગ બદલ દોષિત ઠરેલ વ્યક્તિને કેટલી સજા થઈ શકે?

(A) એક વર્ષ સુધીની કેદ અથવા બસો રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને

(B) બે વર્ષ સુધીની કેદ અથવા બસો રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને

(C) છ માસ સુધીની કેદ અને / અથવા પાંચસો રૂપિયા સુધીનો દંડ

(D) બે વર્ષ સુધીની કેદ અને / અથવા 2000 રૂપિયા સુધીનો દંડ

191. 6 થી 14 વર્ષના ક્યા બાળકોને મફત શિક્ષણનો અધિકાર નથી?
(A) વાર્ષિક આવક રૂ. 10 લાખથી વધુ હોય તેવા માતાપિતા/વાલીના સંતાનોને
(B) સરકાર દ્વારા સ્થાપિત, સહાયિત કે નિયંત્રિત ન હોય તેવી શાળામાં અભ્યાસ કરતાં બાળકોને
(C) બહારનાં રાજ્યોમાંથી આવેલાં બાળકોને
(D) શાળા છોડી દીધા બાદ બે વર્ષ પછી ફરીથી દાખલ થનારા બાળકોને

192. ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા, ટ્રિબ્યુનલ બાબતે નીચે પૈકીની કઈ બાબતો ખરી છે?
(i) ટ્રિબ્યુનલના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિ ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં અપીલ કરી શકે છે.
(ii) ટ્રિબ્યુનલ રાજ્ય સરકારની સુનાવણી કરી શકે છે.
(iii) ટ્રિબ્યુનલ પોતાનો નિર્ણય ફેર વિચારણામાં લઈ શકે છે.
(iv) ટ્રિબ્યુનલનો સભ્ય વધુમાં વધુ 10 વર્ષ અથવા 70 વર્ષની વય, બે માંથી જે પહેલું હોય ત્યાં સુધી ફરજ બજાવી શકે છે.
(A) ii અને iii
(B) i અને iii
(C) i, ii અને iii
(D) ii, iii અને iv

193. વિગોસ્કીના મતાનુસાર બાળકના અધ્યયનમાં નીચેના પૈકી ક્યો ઘટક મુખ્ય ભૂમિકા ભજવે છે.
(A) આનુંવંશિક
(B) સાંસ્કૃતિક
(C) સામાજિક
(D) નૈતિક

194. માધ્યમિક શાળામાં ગ્રાન્ટના હેતુ માટે પ્રથમ પાંચ વર્ષ માટે શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માટે અનુક્રમે કેટલી સરેરાશ હાજરી આવશ્યક છે?
(A) 40, 20
(B) 30, 20
(C) 40, 30
(D) 45, 25

195. પ્રાથમિક શિક્ષણ અંતર્ગત નિમણૂંક પામેલ વિદ્યાસહાયકોને તાલીમ કઈ સંસ્થા દ્વારા આપવામાં આવે છે?
(A) જિલ્લા શિક્ષણ સમિતિ
(B) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
(C) GCERT
(D) સર્વ શિક્ષા અભિયાન

196. ગુજરાત વિધાનસભાએ પોતાના સભ્યોમાંથી ચૂંટેલા કેટલા સભ્યોનો ગુજરાત માધ્યમિક અને ઉ. મા. શિક્ષણ બોર્ડમાં સમાવેશ કર્યો છે.
(A) 3
(B) 4
(C) એક પણ નહીં
(D) 5

197. ભારતીય શિક્ષણતંત્રમાં કઈ વ્યવસ્થાનો સમાવેશ થતો નથી?
(A) મુક્તશાળા પ્રણાલિ
(B) ઔપચારિક શિક્ષણ વ્યવસ્થા
(C) સ્વૈચ્છિક અભ્યાસ પ્રણાલિ
(D) અવૈધિક શિક્ષણ વ્યવસ્થા